રાજ્યની સામાજિક અને શૈક્ષણિક રીતે
પછાત વર્ગોની યાદીમાં સમાવાયેલ
કાયસ્થ તથા રાજગોર જાતિ અંગે
સ્પષ્ટતા કરવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,
ઠરાવ ક્રમાક : સશપ / ૧૧૦૭ /મુ.મં.૧૯/ અ,
સચિવાલય, ગાંધીનગર.
તા.૧૨/૦૫/૨૦૧૧.

**વંચાણમાં લીધાઃ**

(૧) મજૂર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિભાગનો ઠરાવ ક્રમાંક : બીસીઆર-૧૦૭૮-૧૩૭૩૪-હ, તા.૧/૪/૧૯૭૮ અને ત્યાર પછીના વખતોવખતના ઠરાવો.

(૨) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો ઠરાવ ક્રમાંક : સશપ-૧૧૦૫-મુમ.૧૯-અ, તા.૦૯/૦૫/૨૦૦૭.

(3) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો પરિપત્ર ક્રમાંક : સશપ-૧૧૦૭-મુમ.૧૯-અ, તા.૨૪/૦૬/૨૦૦૯.

**પ્રસ્તાવનાઃ**

ગુજરાત સરકારે મજૂર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તા૧/૪/૧૯૭૮ના ઠરાવથી બક્ષીપંચની ભલામણોનો સ્વીકાર કરીને સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગોના ઉમેદવારોને સરકારી નોકરીઓમાં અને શૈક્ષણિક સંસ્થાઓમાં અનામતના લાભો આપવાનું ઠરાવેલ છે.

નિયામક વિકસતી જાતિ
કલ્યાણ ...
૨૬૬૬
તારીખ ...7...2011

Kayastha_Rajgor

વંચાણમાં લીધેલા (૨) સામેના તા.૦૯/૦૫/૨૦૦૭ના ઠરાવથી સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોની યાદીમાં ક્રમાંકઃ૧૪૦ ઉપર "કાયસ્થ" તથા ક્રમાંકઃ૧૪૪ ઉપર "રાજગોર" જાતિઓનો સમાવેશ કરવામાં આવેલ છે.

કાયસ્થ જાતિ અંગે નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ દ્વારા તા.૧૬.૦૭.૨૦૦૭ના પત્રથી રજૂઆત કરવામાં આવેલ કે કાયસ્થ જાતિને પરિભાષિત કરવી જરૂરી છે કારણ કે, કચ્છ જિલ્લામાં મહેતા તરીકે ઓળખાતા શ્રીવાસ્તવ, માથુર, સકસેના, વાલ્મીકી અટક ધરાવતા કાયસ્થ લોકો પણ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જાતિનું પ્રમાણપત્ર મેળવવા અરજી કરે છે. જે લોકો સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગનું જાતિ પ્રમાણપત્ર મેળવવા પાત્ર નથી.

નિયામકશ્રી(વિ.જા.ક.) દ્વારા તા.૧૯.૦૭.૨૦૦૭ના પત્રથી રાજગોર જાતિને પરિભાષિત કરવા રજૂઆત કરેલ, કારણ કે, રાજગોર મૂળ બ્રાહ્મણ જ્ઞાતિના લોકો પણ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગનું પ્રમાણપત્ર મેળવવા આગ્રહ રાખતા હતા. જે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગનું જાતિ પ્રમાણપત્ર મેળવવા પાત્ર નથી.

આ અન્વયે આ વિભાગના તા.૨૭.૦૬.૨૦૦૮ના પત્રથી ગુજરાત રાજ્ય અન્ય પછાત વર્ગ માટેના પંચશ્રીને રાજગોર અને કાયસ્થ જાતિ પરિભાષિત કરવા વિનંતી કરવામાં આવેલ કે જેથી ખોટા જાતિ પ્રમાણપત્ર આપવામાં ન આવે. પંચશ્રી દ્વારા જણાવવામાં આવેલ કે, રાજગોર તથા કાયસ્થ જાતિના ઇસમો જ્યારે જાતિ પ્રમાણપત્રો મેળવવા અરજી કરે ત્યારે પંચશ્રી દ્વારા કરવામાં આવેલ સર્વેમાં તેનું નામ હોય તો જ તે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગનું જાતિ અંગેનું પ્રમાણપત્ર મેળવવા હક્કદાર છે.

પંચશ્રીએ રાજગોર જાતિને રાજગોર "કાઠી રાજગોર તથા આહિરના ગોર એટલે પરજિયા રાજગોર" એમ પરિભાષિત કરેલ છે અને તેમના તા.૦૫.૦૬.૨૦૦૯ના પત્રથી સરકારશ્રીને જણાવેલ છે કે, જાતિ પ્રમાણપત્ર આપનાર સક્ષમ અધિકારી અથવા અરજદાર દ્વારા પંચશ્રી પાસેથી તેનું નામ સર્વેમાં છે કે નહીં તેનો દાખલો મેળવ્યા બાદ જ આ બે જાતિનું પ્રમાણપત્ર આપવાનું રહે છે.

આ અંગે ટૂંકા ગાળાના વિકલ્પ તરીકે આ વિભાગના તા.૨૪.૦૬.૨૦૦૯ના રોજ પરિપત્ર રવાના કરવામાં આવેલ છે. જેમાં રાજગોર તથા કાયસ્થ જાતિના પ્રમાણપત્ર આપતાં પહેલાં સક્ષમ અધિકારીએ, પંચશ્રી દ્વારા સર્વે થયેલ છે કે કેમ તે અંગે જે તે અરજદાર દ્વારા પંચશ્રી દ્વારા આપવામાં આવેલ અરજદારનો સર્વે થયાનો દાખલો રજૂ કરવામાં આવે તેવા જ અરજદારને જ સંબંધિત જાતિનું પ્રમાણપત્ર આપવાનું રહે છે. જેથી આ બે જાતિ અંગે ખોટા પ્રમાણપત્ર અપાય નહીં.

ઉપર્યુકત બાબતમાં પુખ્ત વિચારણાના અંતે નીચે મુજબ નક્કી કરવામાં આવે છે.

**ઠરાવઃ**

સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની યાદીમાં ક્રમાંક-૧૪૦ સામે "કાયસ્થ" લખાયેલ છે તેના બદલે "કાયસ્થ (પંચશ્રી ધ્વારા સર્વે કરાયેલ)" સુધારો કરવામાં આવે છે.

સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની યાદીમાં ક્રમાંક-૧૪૪ ઉપર દર્શાવેલ "રાજગોર" શબ્દના બદલે "કાઠી રાજગોર તથા આહિરના ગોર એટલે પરજિયા રાજગોર" શબ્દ પરિભાષિત કરી સુધારો કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( આઇ. જે. મનસુરી )
ઉપ સચિવ,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ.

પ્રતિ

- માન. રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રાજ્યકક્ષાના મંત્રીશ્રી (સા.શૈ.પ.વ.) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવાલયના તમામ વહીવટી વિભાગો.
- *રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ.
- *સચિવશ્રી, અન્ય પછાત વર્ગો માટેનું પંચ, ગાંધીનગર
- *સચિવશ્રી, ગુજરાત રાજ્ય જાહેર સેવા આયોગ, અમદાવાદ.
- *સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
- *સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ.
- *સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
- *સચિવશ્રી, ગૌણ સેવા પસંદગી મંડળ, સચિવાલય, ગાંધીનગર.
- સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ હેઠળના તમામ ખાતાના વડાઓ / બોર્ડ / નિગમો.
- અગ્ર સચિવશ્રીના અંગત સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતુ, ગુ.રા., ગાંધીનગર.
- સર્વે કલેકટરશ્રીઓ.
- સર્વે જિલ્લા વિકાસ અધિકારિશ્રીઓ.
- સર્વે નાયબ નિયામકશ્રી(વિ.જા.) / જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ (વિ.જા.).
- તમામ મામલતદારશ્રીઓ.
- તમામ તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ.
- સિલેકટ ફાઇલ.

* પત્ર ધ્વારા.